For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

સુરતમાં જાન્યુઆરીની સૌથી ઠંડી રાત, ડાંગમાં 11 ડિગ્રી તાપમાન


જૂના અંબાજી, અંબાજી રોડ

જલારામ મંદિર, બુંદેલાવાડ

સિદ્ધિ વિનાયક મંદિર, પાલ

સુરતમાં આકરી ઠંડી પડતાં દરેક મંદિરોમાં ભગવાનને શાલ ઓઢાડવી પડી. (તસવીરોઃ હેમંત ડેરે)

સાંઈ મંદિર, ડુમસ રોડ

વલસાડનું તાપમાન ગગડીને 10 ડિગ્રી થઈ ગયું

લઘુત્તમ તાપમાન 14.6 ડિગ્રી સુધી ઘટ્યું, પવનની તેજ ગતિથી ઠંડી વધુ અનુભવાઈ

હવામાન વિભાગે આગામી દિવસોમાં ઠંડી વધવાની આગાહી કરી

સુરત : વિતેલા 24 કલાકમાં દક્ષિણ ગુજરાતના તાપમાનમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો જેમાં વલસાડનો પારો તો થીજી જવાઇ તે રીતે ગગડીને 10 ડિગ્રી પર પહોંચી ગયો હતો જ્યારે ડાંગમાં પણ લઘુત્તમ તાપમાન 11 ડિગ્રી નોંધાયું હતું.

...અનુસંધાન પાના 7 પર

દક્ષિણ ગુજરાતનું તાપમાન

જિલ્લા	મહત્તમ	લઘુત્તમ
નવસારી	28	15.5
વલસાડ	28	10
ડાંગ	30	11
ભરૂચ	29	17
તાપી	31	18
નર્મદા	30	17

સુરતમાં રેકર્ડબ્રેક ઠંડીને 97 વર્ષ થયા

સુરત શહેરમાં અત્યાર સુધીના ઇતિહાસમાં જાન્યુઆરી મહિનાની રેકોર્ડ બ્રેક ઠંડી પડ્યાને 97 વર્ષ થયા છે. વર્ષ 1929 ની સાલમાં 31 જાન્યુઆરીએ 4.4 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જે છેલ્લા એક સદીનું સૌથી ઠંડી રાત હતી. ત્યારપછી પારો આટલી નીચે ક્યારેય ગયો નથી. જાન્યુઆરી મહિનામાં સરેરાશ મહત્તમ તાપમાન 30.8 ડિગ્રી હોય છે. જ્યારે સરેરાશ લઘુત્તમ તાપમાન 15.2 ડિગ્રી હોય છે.

અગાઉ તા.10મીના રોજ આ રૂટ શરૂ થઈ જશે તેવી સંભાવના 'ગુજરાતમિત્ર'એ વ્યક્ત કરી જ હતી

ભરૂચથી કીમના એક્સપ્રેસ વે પર નાનાં વાહનો શરૂ

બંને તરફ શ્રીફળ ફોડીને હાઈવે ઓથોરિટી દ્વારા કમૂરતા પહેલા જ નાનાં વાહનોને રાહત કરી દેવામાં આવી

ભરૂચ, અંકલેશ્વરઃ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેના વડોદરા-મુંબઈ સેક્શનના પેકેજ-5 અંતર્ગત આવતા લગભગ 34 કિમીના અંતરે આવેલો દહેગામ-કીમ રોડ શનિવારે સાંજે 4.15

...અનુસંધાન પાના 7 પર

પુનગામ એક્સપ્રેસ હાઇવે એપ્રોચ રોડ ફરીવાર બંધ થતાં લોકો અકળાયા

આ રોડ શરૂ કરતાં આખરે ઉપયોગી ગણાતો પુનગામ કટ બંધ કરી દેવામાં આવ્યો છે. સૂત્રો દ્વારા પુનગામ પાસે એન્ટ્રી/એક્ઝિટ માટે જમીન સંપાદન કરીને અંકલેશ્વર-હાંસોટ રોડ સાથે જોઈન્ટ કરવામાં આવશે. હજુ જમીન સંપાદન થઇ નથી. જેને લઈને વાર લાગશે એમ જાણવા મળ્યું છે. જો કે, અંકલેશ્વર નજીક પુનગામ પાસેથી એક્સપ્રેસ હાઇવે પર જવાનો એપ્રોચ રોડ ફરી એકવાર બંધ કરી દેવામાં આવતા અંકલેશ્વર હાંસોટ અને ઓલપાડ તાલુકા અને ત્રણ GIDC સાથે ખુલ્લી મજાક થઈ હોવાથી અકળાયા છે. અંકલેશ્વર તાલુકા પોલીસે

...અનુસંધાન પાના 7 પર

એનાથી ખારેલનો એક્સપ્રેસ વે બંધ હોવાથી પલસાણા હાઈવે પર ટ્રાફિકનું ભારણ

પલસાણાઃ વડોદરાથી મુંબઈને જોડતા મહત્ત્વકાંક્ષી એક્સપ્રેસ વે નં.4ના નિર્માણ કાર્યની સાથે સાથે કેટલાક વિભાગો વાહનવ્યવહાર માટે ખુલ્લા મૂકવામાં આવ્યા છે. જો કે, દક્ષિણ ગુજરાતના મહત્ત્વનો એવો એનાથી ખારેલ સુધીનો માર્ગ હજુ સુધી શરૂ ન થતાં વાહનચાલકોમાં રોષ જોવા મળી રહ્યો છે. હાલમાં આ માર્ગ બંધ હોવાને કારણે પલસાણા અને નેશનલ હાઈવે નં.53 પર ટ્રાફિકની ગંભીર

...અનુસંધાન પાના 7 પર

આવકવેરા વિભાગે અનેક રિફંડ અટકાવતાં કરદાતાઓમાં ફફડાટ

અગાઉનાં જૂના વર્ષનું બાકી લેણું તથા ડેટા મિસમેચ થવાને કારણે અનેક કરદાતાઓને નોટિસ ઈસ્યુ કરાઇ

ખાસ કરીને પાંચ લાખથી વધુના રિફંડ પર બ્રેક, ખોટી માહિતી આપનાર અને આવક છુપાવનાર કરદાતાઓનું આવી બન્યું સમજો

સુરતઃ કરોડો રૂપિયાનુ રિફંડ આવકવેરા વિભાગે અટકાવી દેતાં રિટર્ન ફાઈલ કરનારા કરદાતાઓમાં ખળભળાટ મચી ગયો છે. સુરત શહેરમાં પણ સંખ્યાબંધ કરદાતાઓના રિફંડ અટકી ગયા છે. આવકવેરા વિભાગનાં સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ જેના રિફંડ અટકાવવામાં આવ્યાં છે, એવા કરદાતાઓને પાછલાં વર્ષોની લેણી રકમ બાકી બતાવી તથા ડેટા મિસમેચને કારણે શો કોઝ નોટિસ ઈસ્યુ કરવામાં આવી છે.

કરદાતાઓ દ્વારા ૩૧ ડિસેમ્બરે અંતિમ દિવસે દોડધામ કરી રિટર્ન

...અનુસંધાન પાના 7 પર

રોકાણો સહિતની ગણતરી મિસમેચ થતા પુરાવા આપવા નોટિસ

કેપિટલ ગેઇન, શેરબજાર કે રોકાણો રિટર્ન ફાઇલમાં કરદાતા દ્વારા દર્શાવવામાં આવ્યાં હોય અને આ ડેટાનું આવકવેરા વિભાગ પાસેનાં ઉપલબ્ધ ડેટા કે ગણતરી સાથે મિસમેચ થવાથી રિફંડની પ્રક્રિયા ધોંચમાં પડી છે. આ અંગે પુરાવા આપવા જે તે કરદાતાઓને ઓનલાઇન નોટિસ ઈસ્યુ કરવામાં આવી છે.

પાંચ લાખથી ઉપરની રકમના રિફંડમાં બ્રેક મારી

જે રિટર્નમાં કોઈ વિવાદ ન હોય અને સામાન્ય રકમ હોય એવા કરદાતાના રિફંડની રકમ તેઓનાં બેન્ક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવાનું શરું કરી દેવાયું છે. પરંતુ પાંચ લાખથી ઉપરનાં રિફંડ ઉપર બ્રેક મારી દેવામાં આવી છે.

CGSTની રેઈડ કરવા પોલીસ બોલાવવી પડી

પલસાણાના ત્રણથી ચાર ઓટોપાર્ટ્સ ડિલર અધિકારીઓને ધંધાના સ્થળે ઘૂસવા દેતા ન હતા

સુરતઃ સુરત નજીક પલસાણા ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં એક મોટા ઓટોપાર્ટ્સ ગૃપને ત્યાં સીજીએસટી વિભાગે સાગમટે દરોડા પાડતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. આ સરવેની કામગીરી ગઈકાલે મોડી સાંજથી શરૂ કરવામાં આવી છે. આ જેમાં ૨૫થી વધુ અધિકારીઓ સામેલ છે. આ વિસ્તારમાં ત્રણ થી ચાર જેટલાં ઓટોપાર્ટ્સ વેપારીઓને વરુણીમા લેવામાં આવ્યાં છે. પ્રાપ્ત વિગત મુજબ ગઈકાલે સીજીએસટીનાં અધિકારીઓ તપાસમાં પહોંચ્યા ત્યારે આ વેપારીઓનાં ધંધાના સ્થળે એન્ટ્રી નહીં આપતાં પોલીસ બોલાવી પડી હતી. ત્યારબાદ સીજીએસટી વિભાગે દરોડાની કાર્યવાહી ચાલુ કરી દીધું. આ પાર્ટી ને ત્યાં સ્ટોક વેરિફિકેશન સહિતની કામગીરી ચાલું છે. સૂત્રોના જણાવ્યાં મુજબ બેનંબરી ખરીદી વેચાણ મળી આવશે તો ટેક્ષ અને પેનલ્ટી ભરાવવામા આવશે. આ લખાય છે ત્યારે રાત્રે નવ વાગે પણ સીજીએસટીની તપાસ ચાલુ છે

ખરીદી-વેચાણના બિનહિસાબી વ્યવહારો મળ્યા

સુરતઃ ગઈકાલે સાંજથી શરૂ થયેલી આ પાર્ટીને ત્યાથી ખરીદ વેચાણના બિનહિસાબી વ્યવહારો મળી આવ્યાં હોવાનું જાણવા મળ્યું છે. જેનુ વેરિફિકેશન કરવામાં આવી રહ્યું છે.

સુરતથી દુબઇ ફ્લાઇટમાં દંપતી દ્વારા અમેરિકન ડોલર મોકલવાનું પ્રકરણ

ડોલરની દાણચોરીનો સૂત્રધાર ભંવરસિંહ નવી મુંબઈથી પકડાયો

સુરત DRIએ ભંવરસિંહ રાજપુરોહિતને ચીફ કોર્ટમાં રજૂ કરી ચાર દિવસનાં રિમાન્ડ મેળવ્યાં

અંજલિ અને તેનો પતિ દર્શિત ઠક્કર 6 ખેપ થકી 4,35,000 US ડોલર દુબઇ મોકલ્યા પછી 7મી ખેપમાં પકડાયાં

સુરતઃ ડિસેમ્બર 2025ના અંતિમ શનિવારે ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ (DRI)ના સુરત સબ રિજનલ યુનિટ સુરતને મળેલી બાતમીના આધારે શનિવારે ઇન્ડિગો એરલાઈનની સુરત દુબઈ ફ્લાઈટ (6E1507)માં દુબઈ જઈ રહેલી મહિલા પેસેન્જરની ઝડતી લેવામાં આવતા કુલ 1,34,100 અમેરિકન ડોલરના જથ્થા સાથે ભારતીય ચલણ મુજબ 1,20,08,655 (1.20 કરોડ)ની

...અનુસંધાન પાના 7 પર

મુંબઈની અલ સબા માર્કેટમાં રોકડીવાલા તરીકે ઓળખાતા લોકોની સંડોવણી

સુરત DRIને તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, "મુંબઈના અલ સબા માર્કેટમાં સ્થાનિક ભાષામાં રોકડીવાલા તરીકે ઓળખાતા વિવિધ રેન્ડમ વ્યક્તિઓ પાસેથી દર્શિત ઠક્કરને સોંપવામાં આવેલા કુલ USDની વ્યવસ્થા કરવા માટે ઉપયોગ થતો હતો. નોંધાયેલા નિવેદનો અને ડાયરીના સ્વરૂપમાં રેકોર્ડ પરના પુરાવાઓ અને મોબાઇલ ફોનમાં હાજર ડિજિટલ પુરાવાઓના આધારે, જે વિનોદ સિંહ રાજપુરોહિત અને ભંવરસિંહ જી. રાજપુરોહિતના રેકોર્ડ કરાયેલા નિવેદનો દ્વારા પુષ્ટિ મળી હતી. એવું લાગે છે કે ભંવરસિંહ રાજપુરોહિત ભારતમાંથી દુબઈમાં વિદેશી ચલણની દાણચોરી માટે વ્યવસ્થા કરવામાં સક્રિય રીતે સામેલ હતો. તે વિદેશી ચલણની દાણચોરી રેકેટનો મુખ્ય કાવતરાખોર અને લાભાર્થી છે અને ભારતથી દુબઈમાં વિદેશી ચલણની દાણચોરીમાં મદદ કરી છે.

દુબઈમાં 100 ડોલરની નોટના હવાલા સામે સુરતમાં 9000ને બદલે 9600 ચૂકવાય છે

મુંબઈથી સુરત US ડોલરનો જથ્થો મોકલી સુરતથી દુબઇ જતી 2 ફ્લાઇટમાં મોકલવામાં જોખમ ઓછું હોવાથી મુંબઈના કરન્સી માફિયા ડોલર મોકલવા સુરત એરપોર્ટની પસંદગી કરી રહ્યાં છે. ડોલરનો ભાવ ભારતીય ચલણમાં 90 રૂપિયાની આસપાસ છે. દુબઇમાં 100 ડોલરની નોટના હવાલા સામે સુરતમાં 9000ને બદલે 9600થી 9800 રૂપિયા ચૂકવાય છે. 100 ડોલરની એક નોટ પાછળ જ 600થી 800 રૂપિયાનું માર્જિન હોવાથી સુરતથી 7 ખેપમાં લાખો ડોલર દુબઇ મોકલી દેવામાં આવ્યા હતા. આ કેસમાં આશરે 4,80,000 USD (હાલમાં જપ્ત કરાયેલ

...અનુસંધાન પાના 7 પર

પરવટ પાટિયા પરથી પકડાયેલી ડ્રગ્સની લેબના કેસમાં

લેબ માલિક ઇશા અણઘણની પાંચ કલાક પોલીસ પૂછપરછ

લગ્નનું પાંચ લાખનું દેવું ચૂકવવા બ્રિજેશે ડ્રગ્સ બનાવવાનું શરૂ કર્યું

અંકલેશ્વરના કેમિકલ વેપારી જિતેન્દ્ર કોરડિયા પાસેથી કેમિકલ ખરીદ્યા હોવાનું નિવેદન આપ્યું

સુરતઃ પરવટ પાટિયા કેનાલ રોડ ઉપર પોલારીસ શોપિંગ સેન્ટરની ડીક્રિયા ફૂડ એન્ડ એનાલિટિકલ લેબમાં એમ.ડી. ડ્રગ્સ બનાવવાના મોટા નેટવર્કનો પર્દાફાશ થયો હતો. આ કેસમાં આજે લેબ જેનાં નામે ભાડે લેવાઈ હતી તે ઇશા અણઘણની એસ.ઓ.જી. દ્વારા ચારથી પાંચ કલાક સુધી પૂછપરછ કરી છે. નિવેદનમાં મિત્રને મદદ કરવામાં તે ભેરવાઈ ગઈ હોવાનું બહાર આવ્યું છે. લગ્ન બાદ ૫ લાખનું દેવું થઈ જતા બ્રિજેશે ડ્રગ્સ બનાવવાનું શરૂ કર્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ સમગ્ર નેટવર્કનો માસ્ટર માઈન્ડ જનક જાગાણી લંડનમાં રહી આ ગોરખધંધો ચલાવતો હતો. જનકના ઈશારે એથર કંપનીમાં સિનિયર કેમિસ્ટ તરીકે નોકરી કરતો બ્રિજેશ ભાલોડીયા એમ.ડી. ડ્રગ્સ બનાવવાનું શરૂ કર્યું હતું. બ્રિજેશના લગ્નને હજુ ૧૫ દિવસ જ થયા છે અને તેના માથે રૂ. પાંચ લાખનું દેવું હતું. તે ઉપરાંત તેણે જનક પાસેથી રૂ.૧.૫૦ લાખ લીધા હતા. આ મજબૂરીને કારણે જનકે

...અનુસંધાન પાના 7 પર

નેપાળ બોર્ડર પર પ્રવાસીઓને રઝળતા મૂકી દેવાયા

આદીદેવ હોલીડે ટૂર એન્ડ ટ્રાવેલ્સના સંચાલકે તમામ રકમ એડ્વાન્સ લઈ અધૂરો પ્રવાસ કરાવ્યો

સુરત : અડાજણ સ્વામિનારાયણ મંદિર નજીક રહેતા અને અનાજ દળવાની ઘંટી ચલાવતા ૫૨ વર્ષીય સંજયભાઈ સત્યનારાયણ જોશીએ ચોકબજાર પોલીસ મથકમાં યુવરાજ દીપક જરીવાલા સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ આરોપી યુવરાજ વીઆઈપી રોડ સ્થિત એટલાન્ટા બિઝનેસ હબમાં આદીદેવ હોલીડે ટૂર એન્ડ ટ્રાવેલ્સ નામે ઓફિસ ચલાવતો હતો. તેણે બનારસ, અયોધ્યા, કાઠમંડુ, જનકપુરી, ગંગટોક, દાર્જિલિંગ અને બાગડોગરા સહિત ૧૩ દિવસના પ્રવાસનું આયોજન કર્યું હતું. આ ટુરમાં સંજયભાઈ સહિત તેમના પરિવારના કુલ ૪૪ સભ્યો પાસેથી રૂ.૧૦.૧૨ લાખ લીધા હતાં. ટુર દરમિયાન યુવરાજ પોતે હાજર રહ્યો ન હતો. તેણે તેની માતા દીપીકાબેન અને મેનેજર શીતાંશુ ઉપાધ્યાયને સાથે મોકલ્યા હતા. અયોધ્યા પહોંચ્યા બાદ દીપીકાબેન સુરત પરત ફરી ગયા હતા, જ્યારે મેનેજરે મુસાફરોને નેપાળ બોર્ડર સુધી લઈ જઈ બાદમાં તેમને અધવચ્ચે છોડી દીધા હતા. અંતે તમામ મુસાફરો પોતાની રીતે પરત ફરવા મજબૂર બન્યા હતા. યુવરાજ જરીવાલાએ અધૂરી ટુર બદલ રૂ.૫.૨૮ લાખ પરત આપવાની ખાતરી આપી હતી, પરંતુ રકમ પરત ન આપતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

અન્ય મુસાફરો સાથે પણ ઠગાઇ થઇ હોવાની આશંકા

આદીદેવ હોલીડે ટૂર એન્ડ ટ્રાવેલ્સ સામે નોંધાયેલા ગુનામાં પોલીસને શંકા છે કે આરોપી યુવરાજ જરીવાલાએ અગાઉ પણ અન્ય મુસાફરો સાથે આવી રીતે છેતરપિંડી કરી હોઇ શકે છે. પોલીસે ટુરના દસ્તાવેજો, ચુકવણીની વિગતો અને અન્ય ગ્રાહકોની માહિતી એકત્ર કરવાની કાર્યવાહી શરૂ કરી છે. જો વધુ ફરિયાદો સામે આવે તો કેસની વ્યાપકતા વધવાની સંભાવના છે. પોલીસ દ્વારા ટુર એન્ડ ટ્રાવેલ્સ બુક કરતી વખતે લાયસન્સ, કરાર અને ચુકવણીની રસીદ તપાસવા નાગરિકોને અપીલ કરવામાં આવી છે.

ઓફિસને તાળાં મારી યુવરાજ જરીવાલા ગાયબ

પ્રવાસીઓએ આદીદેવ હોલીડે ટૂર એન્ડ ટ્રાવેલ્સના સંચાલક યુવરાજ જરીવાલાને રૂ.૧૦.૧૨ લાખ એડવાન્સમાં ચુકવી દીધા હતા. જો કે ટુર અધૂરી રહેતા મુસાફરોને સંચાલક યુવરાજ જરીવાલાએ ખાતરી આપી હતી કે તે અધૂરી ટુર બદલ રૂ.૫.૨૮ લાખ પરત આપી દેશે. જો પ્રવાસીઓએ સુરત આવીને તેની વીઆઈપી રોડ પર એટલાન્ટા બિઝનેસ હબમાં આવેલી પોતાની ઓફિસને તાળા મારી ગાયબ થઈ ગયો હતો.

બોમ્બે માર્કેટ ઉમરવાડા, સુરત-૧૦
તા.૧૪-૧-૨૦૨૬ ને બુધવારના રોજ
મકરસંક્રાતિ
નિમિત્તે માર્કેટ સંપૂર્ણપણે બંધ રહેશે.
તા.૧૫-૧-૨૬ ને ગુરૂવારથી માર્કેટ રાબેતા મુજબ ચાલુ રહેશે.
નોંધઃ દર રવિવારે માર્કેટ બંધ રહેશે.

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧
છેલ્લા પાને ₹૧૮૦૦/- | અંદરના પાને ₹૧૫૦૦/- | છેલ્લા પાને કલર ₹૨૫૦૦/-
ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને ₹૪૫૦૦/- | અંદરના પાને ₹૩૦૦૦/- | છેલ્લા પાને કલર ₹૫૨૦૦/-
(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૦

પ્રથમ પુણ્યતિથિએ વ્હાલી 'બા'ને શ્રધ્ધાંજલિ
સ્વ. કુમીબેન નાનુભાઈ તાંબાઘર
સ્વ. તા. ૧૧-૧-૨૦૨૫
નિવાસસ્થાન : "પ્રિન્સ પેલેસ", લાયા ફળિયા, આભવા ગામ.
લાખો લાડ લડાવી જેમણે પ્રેમથી મોટા કર્યા એ માતાની મીઠી છાંયા ક્યાંય ન મળે, હૈયું રડે, નયનો મીઠી છાંયા ક્યાંય જગતમાં ન મળે, હૈયુ રડે, નયનો રડે ને રડીને રહ્યાં સંતાનો, એ આંસૂડાને લુંછનાર માયાળુ માતા ક્યાં મળે, જેમણે તડકો વેઠી, શૂન્યમાંથી સર્જન કર્યું એ માતાનાં દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ સંતાનોની પ્રાર્થના.
લિ. સ્વ. નાનુભાઈ મીઠાભાઈ પટેલ (તાંબાઘર)
જગદીશભાઈ નાનુભાઈ પટેલ | ગીતાબેન જગદીશભાઈ પટેલ
દિનેશભાઈ નાનુભાઈ પટેલ | વનિતા દિનેશભાઈ પટેલ
મેહુલભાઈ જગદીશભાઈ પટેલ | ખુશ્બુ મેહુલભાઈ પટેલ
પ્રિન્સકુમાર દિનેશભાઈ પટેલ | રીવાકુમારી મેહુલભાઈ પટેલ
ગીતાબેન રોહિતભાઈ પટેલ (પુત્રી) | ગં.સ્વ. શીલાબેન કાંતિભાઈ પટેલ (પુત્રી)
પન્નાબેન સતિષભાઈ પટેલ (પુત્રી) | પિન્કી શૈલેષભાઈ પટેલ
તૃપ્તી અતુલભાઈ પટેલ | પુજા સાગરભાઈ પટેલ
નેલ્સન, ફિયાન, ફીહા તથા સમસ્ત પરિવાર...

દુઃખદ અવસાન-બેસણું
સ્વ. અમૃતભાઈ નાથુભાઈ પટેલ
નાથુભાઈ પટેલ
જન્મ તા.: ૦૪-૦૪-૧૯૫૧
સ્વ. તા.: ૦૮-૦૧-૨૦૨૬
સ્થળ : બુડિયા ગામ, સુથાર ફળિયું, સુરત.
દિલગીરી સાથે જણાવવાનું કે અમારા જમાઈ/કુવાજી
સ્વ. અમૃતભાઈ નાથુભાઈ પટેલ
તા. ૮-૦૧-૨૦૨૬ ને ગુરૂવાર ના રોજ દેવલોક પામ્યા છે.
તેમનું સદ્ગતનું બેસણું તા. ૧૨-૦૧-૨૦૨૬ ને સોમવાર ના રોજ સવારે ૧૦ થી ૧:૦૦ કલાકે અમારા નિવાસ સ્થાને રાખેલ છે.
લિ.
સ્વ. ડાહ્યાભાઈ છનાભાઈ પટેલ
ગં.સ્વ. ભાણીબેન ડાહ્યાભાઈ પટેલ
કાન્તીભાઈ ડાહ્યાભાઈ પટેલ | સ્વ. રાકેશભાઈ અરૂણભાઈ પટેલ
અરૂણભાઈ ડાહ્યાભાઈ પટેલ | કલ્પેશભાઈ ઈશ્વરભાઈ પટેલ
ઈશ્વરભાઈ ડાહ્યાભાઈ પટેલ | કેતનભાઈ ઈશ્વરભાઈ પટેલ
શશિકાંતભાઈ કાન્તીભાઈ પટેલ | ચિંતલભાઈ ઈશ્વરભાઈ પટેલ
રિશિકાંતભાઈ કાન્તીભાઈ પટેલ | તથા સમસ્ત પરિવાર

દુઃખદ અવસાન બેસણું
સ્વ.રસિકભાઈ કાનજીભાઈ પટેલ
જન્મ તા. ૩૧-૦૫-૧૯૫૯
સ્વ. તા. ૦૯-૦૧-૨૦૨૬
દિલગીરી સહ જણાવવાનું કે મારા બનેવી
શ્રી રસિકભાઈ કાનજીભાઈ પટેલનું તા: ૦૯-૦૧-૨૦૨૬ શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું સોમવારે તા. ૧૨-૦૧-૨૦૨૬ ના રોજ સવારે ૧૦.૦૦ થી બપોરે ૧:૦૦ કલાક દરમ્યાન અમારા નિવાસ સ્થાને રાખેલ છે. લૌકિક રિવાજ બંધ છે.
લિ. શ્વસુર પક્ષ
સ્વ. લખુભાઈ વલ્લભભાઈ પટેલ | સ્વ. ધીરૂભાઈ વલ્લભભાઈ પટેલ
હરિવદનભાઈ લખુભાઈ પટેલ | હર્ષદભાઈ ધીરૂભાઈ પટેલ
સંજયભાઈ લખુભાઈ પટેલ | વિજયભાઈ ધીરૂભાઈ પટેલ
તુષાર, જયનીશ, જેમિલ, જશ, મયંક, નીલ, હયાંશ તથા સમસ્ત પરિવાર
બેસણાનું સ્થળ : પાદર સ્ટ્રીટ, બેંક ઓફ બરોડાની બાજુમાં, ઇંટ-મગદલ્લા, સુરત.

ત્રીજી પુણ્યતિથિએ પ્રિય મિત્રને શ્રધ્ધાંજલિ
સ્વ. અંકુર જયદેવ દેસાઈ
સ્વ.તા. ૧૧/૦૧/૨૦૨૩
પ્રિય મિત્ર અંકુર,
તારા ગયા ને ત્રણ વર્ષ થયા, પણ તું હજી હમણાં જ ગયો હોય એમ લાગે છે, અમારી વાતોમાં, યાદોમાં હંમેશા તારો ઉલ્લેખ થયા જ કરે છે, તું જ્યાં પણ હોય ત્યાં ખુશ રહેજે....
પ્રભુ તારા દિવ્ય આત્માને ચિર શાંતિ આપે એ જ પ્રાર્થના..
લિ. ધર્મેશ, દીપેન, નિકુંજ, મિતેષ, હેમંત, કેદાર - ધૃતિ, અમિત, ધર્મેશ મોરકર, ધ્રુવ

અમારો પરોઢનો તારો રૂપાંગ રાજન ખાનસાહેબ ગઈ કાલે દેવલોક સિધાવ્યો છે.
અંતિમ યાત્રા
અમારા નિવાસસ્થાન ૯૧, આદર્શ સોસાયટી, એસ.એમ.સી. ઝોન ઓફિસ સામે, અઠવા ખાતેથી ૧૧-૦૧-૨૦૨૬ રવિવારે સવારે ૧૦ કલાકે નીકળી રામનાથ સ્મશાનભૂમિ, ઉમરા જશે.
શ્રદ્ધાંજલિ બેઠક
આજે, તા. ૧૧.૦૧.૨૦૨૬, રવિવારે સાંજે ૪.૩૦ થી ૬.૩૦ કલાકે
સ્થળઃ આદર્શ હોલ, જલારામ ડેરી સામે, આદર્શ સોસાયટી, અઠવા લાઈન્સ, સુરત ખાતે છે.
શોકાતુર
ઉર્જિતા રૂપાંગ ખાનસાહેબ
લીના અને રાજન ખાનસાહેબ
ડૉ. મોનલ અને ડૉ. ધવલ શાહ
દ્વિતાલી – ધૈર્ય – નિહાર